# અમદાવાદ ટ્રાફિક ટ્રસ્ટ

ઇસ્કોન-આંબલી BRTS રોડ,
અમદાવાદ શહેર -૩૮૦૦૫૮
(રજી.નં. ઈ/૧૮૯૧૦/અ'વાદ તા.૦૫.૦૯.૨૦૦૯)

## ટ્રાફિક બ્રિગેડ-માનદ સેવક / સેવિકા ભરતી

અમદાવાદ ટ્રાફિક ટ્રસ્ટ તરફથી ૬૫૦ ટ્રાફિક બ્રિગેડ માનદ સેવકોની પસંદગી કરવામાં આવનારી છે. જેમાં ૨૧૪ મહીલા અને ૪૩૬ પુરૂષ ટ્રાફિક બ્રિગેડનો સમાવેશ થશે. જેથી જાહેરાતમાં જણાવ્યા મુજબની લાયકાત ધરાવતાં ઉમેદવારોએ નીચે જણાવેલ સરનામેથી નિયત ફોર્મ મેળવી અરજી કરવાની રહેશે.

**(નોંધ : જગ્યામાં વધ-ઘટ થઇ શકે છે)**

**ટ્રાફિક બ્રિગેડ એ માનદસેવા છે. સરકારી / અર્ધ સરકારી નોકરી નથી. માનદ સેવક/સેવિકા સંપૂર્ણ તાલીમ મેળવ્યા બાદ સેવા પર હાજર થયેથી તેઓને પ્રતિદિન રૂપિયા ૩૦૦/- માનદવેતન તરીકે આપવામાં આવશે.**

**-: નિમણુક માટે :-**

**૧.** ઉંમર:-૧૮ થી ૪૦ વર્ષ

**૨.** ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૯ પાસ કે તેનાથી વધુ શૈક્ષણિક લાયકાત.

**નોંધ : અનુભવી , મજબુત બાંધો, વધુ ઊંચાઇ તેમજ અન્ય લાયકાતો ધરાવનાર ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.**

**SC / ST /OBC / GENERAL ના ધારા ધોરણો આપેલ માહિતી મુજબ રહેશે.**

| ઉમેદવાર | ઊંચાઇ | વજન | દોડ |
|---|---|---|---|
| પુરુષ સેવક | SC/ST/OBC – ૧૬૨ સેમી<br>GENERAL –૧૬૫ સેમી | ૫૫ કિલો | ૮૦૦ મીટર ૪ મિનીટ |
| મહિલા સેવિકા | SC/ST/OBC – ૧૫૦ સેમી<br>GENERAL – ૧૫૫ સેમી | ૪૫ કિલો | ૪૦૦ મીટર ૩ મિનીટ |

અન્ય શરતો :-

- ❖ શારીરિક કસોટીમાં પાસ થનારના મૌખિક ઇન્ટર્વ્યુ ના આધારે મેરીટ લીસ્ટ બનશે. **(જો શારીરિક કસોટીમાં વધારે ઉમેદવાર હશે તો લેખિત પરીક્ષા પણ લઇ શકાશે. જેના આધારે પસંદગી થશે.)**
- ❖ પોલીસ,SRP,સેન્ટ્રલ રીઝર્વ પોલીસ, આર્મી વિ.લશ્કરી અને અર્ધલશ્કરી દળોની ભરતી પ્રકીયામાં ઇન્ટરવ્યુ સુધી પહોંચેલ ઉમેદવારોને પણ વિશેષ લાયકાત ધરાવનાર ગણી પ્રાધાન્ય આપવામાં આવશે.
- ❖ ટ્રસ્ટના નીતિ-નિયમોને અનુસરવાનું રહેશે.
- ❖ અમદાવાદ શહેરના રહીશ કે અમદાવાદમાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થી પણ પસંદગી પ્રક્રિયામાં ભાગ લઇ શકશે.(રેક્ટરશ્રીનુ પ્રમાણપત્ર કે હોસ્ટેલ ફી ની રસીદ આધાર તરીકે રજુ કરવાની રહેશે.)
- ❖ અરજી ફોર્મ જાહેરાતમાં દર્શાવેલ સ્થળેથી વિનામૂલ્યે મેળવી શકશો.
- ❖ ***અન્ય વિગતો અરજી ફોર્મમાંથી મેળવવાની રહેશે.***

- ➢ **અરજી ફોર્મ મેળવવાની તારીખ :-** તા.૨૫/૦૮/૨૦૨૫ થી તા.૧૮/૦૯/૨૦૨૫ સુધી સવાર કલાક ૧૧.૦૦ થી ૧૮.૦૦ સુધીમાં મેળવી શકાશે.
- ➢ **અરજી ફોર્મ મેળવવાનું સ્થળ :- (૧)** PRO રુમ, જુની પોલીસ કમિશ્નરની કચેરી, શાહીબાગ અમદાવાદ શહેર **(૨)** અમદાવાદ શહેરના ટ્રાફિકના નીચે દર્શાવેલ ૧૪ પોલીસ સ્ટેશન ખાતેથી મેળવી શકાશે.

**A-ટ્રાફિક પો.સ્ટે:-** ટ્રાફિક ચિલ્ડ્રન પાર્ક, સોલા સિવિલ સામે,એસ.જી.હાઇવે પાસે, અમદાવાદ શહેર

**B-ટ્રાફિક પો.સ્ટે:-** મીઠાખળી છ રસ્તા ,નવરંગપુરા, અમદાવાદ શહેર

**E-ટ્રાફિક પો.સ્ટે:-** ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન કમ્પાઉંડ,ગાયકવાડ હવેલી, અમદાવાદ શહેર

**F-ટ્રાફિક પો.સ્ટે:-** જૂના શાહીબાગ પોલીસ સ્ટેશનના નીચેના માળે,રાણીસતિ મંદિરની નજીક શાહીબાગ, અમદાવાદ શહેર

**G-ટ્રાફિક પો.સ્ટે:-** જી ટ્રાફિક પો.સ્ટે.,આંબાવાડી, સરદારનગર અમદાવાદ શહેર

**H-ટ્રાફિક પો.સ્ટે:-** ગોમતીપુર પોલીસ સ્ટેશન બીજા માળે, પટેલ મીલ ત્રણ રસ્તા, ગોમતીપુર, અમદાવાદ શહેર

**I-ટ્રાફિક પો.સ્ટે:-** રામોલ પોલીસ સ્ટેશનની સામે, સીટીએમ કેનાલની બાજુમાં,રામોલ, અમદાવાદ શહેર

**J-ટ્રાફિક પો.સ્ટે:-** રૂમ.૨, ઇસનપુર પોલીસ સ્ટેશનની અંદર ,મિલ્લત નગરની સામે, ઇસનપુર

**K-ટ્રાફિક પો.સ્ટે:-** દાણીલીમડા પો.સ્ટે. બિલ્ડીંગ, દાણીલીમડા ચાર રસ્તા પાસે, દાણીલીમડા,અમદાવાદ

**L-ટ્રાફિક પો.સ્ટે:-** સુભાષબ્રીજ સર્કલ કલેકટર ઓફિસ ની બાજુમા,સુભાષબ્રીજ પોલીસ ચૌકી ઉપર,સુભાષબ્રીજ, અમદાવાદ શહેર

**M-ટ્રાફિક પો.સ્ટે:-** સરખેજ પોલીસ સ્ટેશનની બાજુમા, ધોળકા સર્કલ પાસે, સરખેજ, અમદાવાદ શહેર

**N-ટ્રાફિક પો.સ્ટે:-** કોર્ટયાર્ડ મેરીઓટ હોટલ સામે, રામદેવનગર ચાર રસ્તા,સેટેલાઇટ, અમદાવાદ

**SG-1 ટ્રાફિક પો.સ્ટે:-** સોલા ચિલ્ડ્રનપાર્ક, સોલા સિવિલ હોસ્પીટલની સામે, અમદાવાદ શહેર

**SG-2 ટ્રાફિક પો.સ્ટે:-** સરખેજ પોલીસ સ્ટેશનના પહેલા માળે, ધોળકા સર્કલ પાસે, સરખેજ અમદાવાદ શહેર

### -: અરજી ફોર્મ જમા કરાવવાની તારીખ અને સ્થળ :-

- ➢ તા.૨૫/૦૮/૨૦૨૫ થી તા.૨૦/૦૯/૨૦૨૫ સુધી સવાર કલાક ૧૧.૦૦ થી ૧૮.૦૦ સુધી જમા કરાવી શકાશે.
- ➢ **સ્થળ :-** PRO રુમ, જુની પોલીસ કમિશ્નરની કચેરી, શાહીબાગ અમદાવાદ શહેર
- ❖ **ઓનલાઇન ફોર્મ નીચે દર્શાવેલ પોલીસ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી ફોર્મ ભરી ઉપરોક્ત સ્થળે રૂબરુ જમા કરાવવાના રહેશે.**

**Web Site: https://cpahmedabad.gujarat. gov.in/**

***અરજીપત્રક સંપૂર્ણ વિગતો સહીત જરૂરી દસ્તાવેજો સ્વપ્રમાણિત નકલો સાથે તેમજ ઉક્ત સ્થળે પરત જમા કરાવવાના રહેશે.***

**હિતેન વસંત**
**સેક્રેટરી, A.T.T.,**
સચિવશ્રી, ટ્રાફિક બ્રિગેડ ભરતી કમિટી,
અમદાવાદ શહેર.

# અમદાવાદ ટ્રાફિક ટ્રસ્ટ

**ઇસ્કોન–આંબલી BRTS રોડ,**
**અમદાવાદ શહેર –૩૮૦૦૫૮**
**(રજી.નં. ઈ/૧૮૯૧૦/અ'વાદ તા.૦૫.૦૯.૨૦૦૯)**

**અરજી ફોર્મ નંબર :..................**

## ટ્રાફિક બ્રિગેડમાં સ્વયંસેવક તરીકે જોડાવા અરજી પત્રક

| તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો |
|---|

(અટક) (ઉમેદવારનું નામ) (પિતાજીનું નામ)

(૧) પુરું નામ : ..................................................................................................

(૨) શૈક્ષણિક લાયકાત : ..................................................................................................

(૩) જન્મ તારીખ : .................................. બ્લડ ગ્રુપ : ..................................

ઉંચાઇ : .................................. વજન : ..................................

(૪) પુરું સરનામું : ..................................................................................................

..................................................................................................................

..................................................................................................................

ફોન : .................................. મોબાઇલ નં.: ..................................................

Email: ..................................

(૫) પિતા/પતિનો વ્યવસાય : ..................................................................................

(૬) અરજદારનો વ્યવસાય : ..................................................................................

(૭) ઉમેદવારની વિશિષ્ટ પ્રવૃત્તિ : "√" ની નિશાની કરો.

1. NCC...... 2. NSS...... 3. RSP........ 4. નિવૃત્ત સૈનિક / સેના અધિકારી.......
5. જીલ્લા / યુનિટ કક્ષાની રમતગમત પ્રવૃતિ ..........
6. પોલીસ / અર્ધલશ્કરી / લશ્કરી પસંદગીમાં ઇન્ટરવ્યુ પ્રકિયા સુધી પહોંચેલ ઉમેદવારો ........
7. કોમ્પ્યુટર જાણકારી: Word.......Power Point.......Excel........Internet......D.T.P....... **("√" ની નિશાની કરો)**
8. ડ્રાઈવીંગ લાયસન્સ : DL No..............................

   Issued On.......................... Valid Up to:.........................

   Class Of Vehicle : M/Cycle.........LMV............HGV............

(૮) ઉમેદવારની ઓળખ આપનારનું નામ– ..................................................................................
સરનામું:
..................................................................................................................
......

(૯) **ઉમેદવાર દ્વારા બાહેધરી આપનારનું પત્રક :**

હું...........................................................................રહે.......................................................................
..................................................................... નાઓ નાઓ ધર્મના સોગંધ ઉપર જાહેર કરૂ છું કે ઉપર જણાવેલ તમામ વિગતો બરાબર અને ખરી છે. મારા વિરુદ્ધ આજદિન સુધી કોઈ ગુનો નોંધાયેલ નથી / કોઈ કોર્ટ કેસ પેન્ડીંગ નથી. અમોને સોપવામાં આવેલ ફરજ ખંતથી, પ્રમાણિક્તાથી અને વફાદારીપૂર્વક બજાવીશું. ટ્રસ્ટના| વખતોવખતના નીતિનિયમો અને ધારાધોરણોનું પાલન કરીશું તેમજ ઉચ્ચ અધિકારીશ્રીઓ, સાથી કર્મચારીઓ અને જાહેર જનતા સાથે વિનમ્રતાથી અને વિવેકથી વર્તન કરીશું. ટ્રસ્ટને તથા પોલીસ વિભાગને કોઈ નુકશાન થાય તે રીતનું કોઈ પણ કૃત્ય કરીશું નહીં. આ કોઈ સરકારી નોકરી નથી કે કાયમી નોકરી નથી તે બાબતે મને સ્પષ્ટપણે સમજ છે. આવી સ્વૈછિક સેવા દરમ્યાન પોલીસ, ટ્રાફિક પોલીસ, અન્ય અધિકારીશ્રીઓ કે ટ્રસ્ટનાં અધિકારીઓનું માનસન્માન જાળવીશું તેમજ કોઈ પણ શિસ્ત વિરુદ્ધનું કૃત્ય કરીશું નહીં તદ્ઉપરાંત ટ્રાફિક વ્યવસ્થાને હાનિ પહોંચાડતા તત્વો સામે સહાનુભૂતિ કે મેળાપીપણું રાખીશું નહિ. ટ્રાફિક બ્રિગેડના સ્વયં સેવક માટે નકી થયેલા વખતો વખતના નિયમોનું આદરથી પાલન કરીશું. મને કોઈ ચેપી રોગ કે ટ્રાફિક નિયમન ફરજ માટે કે સેવાકીય કાર્યો માટે અસમર્થ બનાવતી કોઈ બિમારી નથી. તા.    /    /૨૦૨૫

**ઉમેદવારનું નામ :** .................................... **ઉમેદવારની સહી :** ..........................................

# અમદાવાદ ટ્રાફિક ટ્રસ્ટ

ઇસ્કોન–આંબલી BRTS રોડ,
અમદાવાદ શહેર –૩૮૦૦૫૮
(રજી.નં. ઈ/૧૮૯૧૦/અ'વાદ તા.૦૫.૦૯.૨૦૦૯)

## –: મેડીકલ ચેક–અપ ફોર્મ :–

૧. ટોકન નંબર : ..........................................................................

૨. નામ : ..........................................................................

૩. ઉંમર : ..........................................................................

૪. જાતિ પુરુષ / સ્ત્રી : ..........................................................................

૫. ઊંચાઇ : ..........................................................................

૬. વજન : ..........................................................................

૭. ઓળખચિન્હ (આઇડિન્ટીફીકિશન માર્ક) : ........................................................

૮. પલ્સ : ............... પ્રતિ /મિનિટ બલ્ડપ્રેશર........... mm hg....... mm hg.......

૯. જનરલ તપાસ : ..........................................................................

RS : ..........................................................................

CVS : ..........................................................................

CMS : ..........................................................................

AS : ..........................................................................

Locomotor System : ..........................................................................

આંખ : ..........................................................................

કાન : ..........................................................................

ગળું : ..........................................................................

૧૧. રીમાર્ક્સ / નોંધ :– ..........................................................................

..........................................................................

..........................................................................

| હોસ્પિટલનો રબર સ્ટેમ્પ |
|---|
| |

તારીખ :
સ્થળ : અમદાવાદ

અધિ./કર્મચારીનું નામ
હોદ્દો / સહી

ડૉક્ટર સા. શ્રીનું નામ/સહી
રાઉન્ડ રમત સાથે

# અમદાવાદ ટ્રાફિક ટ્રસ્ટ

ઇસ્કોન-આંબલી BRTS રોડ,
અમદાવાદ શહેર -૩૮૦૦૫૮
(રજી.નં. ઈ/૧૮૯૧૦/અ'વાદ તા.૦૫.૦૯.૨૦૦૯)

## ફક્ત કચેરી ઉપયોગ માટે :

**(૧)** ઉંચાઇ સબંધિત યોગ્યતા : ઉંચાઇ ................ પાસ / નાપાસ

**(૨) ઉમેદવારની શારીરિક ક્ષમતા કસોટીની વિગત :**

**a.** સ્થળ : ........................................ **b.** તારીખ : .....................................

**પુરુષ :-** 1. ઉચાઈ : .......................... (162 C.M.) SC/ST/OBC)
.......................... (165 C.M.) (GENERAL)
2. વજન : .......................... (55 kg)
3. દોડ : ...................................(800 Mtr.) પાસ / નાપાસ

**મહિલા :-** 1. ઉચાઈ : .......................... (150 C.M.) SC/ST/OBC)
.......................... (155 C.M.) (GENERAL)
2. વજન : .......................... (45 kg)
3. દોડ : ...................................(400 Mtr.) પાસ / નાપાસ

**શારીરિક ક્ષમતા કસોટી પાસ /નાપાસ : ........................**

**દેખરેખ કરનારનું નામ અને સહી** **પરીક્ષા લેનારનું નામ અને સહી**

**(૩) ઉમેદવારના વ્યક્તિગત ઈન્ટરવ્યુના માર્ક્સ વિગત :**

**a.** સ્થળ:.................................... **b.**તારીખ: .........................................

| સામાન્ય જ્ઞાન (૨૫ ગુણ) | આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વ (૨૫ ગુણ) | ડ્રાઈવીંગનો અનુભવ તથા ટ્રાફિકના નિયમોનું જ્ઞાન (૨૫ ગુણ) | વધારાની લાયકાત [NCC/NSS, Sports, SPC ભરતી પ્રક્રિયાના ઈન્ટર્વ્યુ સુધી] (૨૫ ગુણ) | કુલ ૧૦૦ ગુણ |
|---|---|---|---|---|
| | | | | |

**૪. પસંદ થયેલ ઉમેદવારનું ચારિત્ર્ય ખરાઇ સબંધિત કાર્યવાહી : ..................................................**

**૫. ૧.પોલીસ સ્ટેશનને લખેલ પત્રનો સંદર્ભ :**

**૧.પોલીસ સ્ટેશન ...................................... ૨.સંદર્ભ..............................................**

**૨.ચારિત્ર્ય પૂર્વવૃત્તાંત ખરાઇ અહેવાલ :**

**૧.સંદર્ભ : ................................................. ૨.હકારાત્મક/નકારાત્મક ..........................**

**૩.રેકર્ડ /સર્ટીફિકેટ ખરાઇ ...................................................................................**

**સમગ્ર પ્રક્રિયા અંતે : પસંદ /નાપસંદ**

**૬. ઉમેદવાર દ્વારા અરજી તથા બાહેંધરીની વિગત :-**

# અમદાવાદ ટ્રાફિક ટ્રસ્ટ

ઇસ્કોન-આંબલી BRTS રોડ,
અમદાવાદ શહેર -૩૮૦૦૫૮
(રજી.નં. ઇ/૧૮૯૧૦/અ'વાદ તા.૦૫.૦૯.૨૦૦૯)

## -: પસંદગી પ્રક્રિયાની સમજ :-

(૧) ટ્રાફિક બ્રિગેડના માનદ સેવક/સેવિકા તરીકે નિયત થયેલી શરતોને આધિન સેવા આપવા ઇચ્છા ધરાવનાર યુવાનો/યુવતીઓએ તેમની પસંદગી પ્રકિયા માટે નિયમ ફોર્મમાં અરજી કર્યા બાદ પસંદગી પ્રકિયા માટે નક્કી કરેલ જાહેરાતના સ્થળે અને સમયે શારિરીક ક્ષમતા કસોટી, વ્યકિતગત ઇન્ટરવ્યુ અને ચારિત્ર્યની ખરાઇ અને તબીબી ચકાસણીની પ્રકિયામાંથી પસાર થવાનું રહેશે.

(૨) ટ્રાફિક બ્રિગેડમાં માનદ સેવક/સેવિકા તરીકે જોડાવા માટે નિયત ફોર્મ **https://cpahmedabad.gujarat. gov.in/** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે અથવા નીચેની કચેરીઓથી વિના મૂલ્યે કચેરીના સમય દરમ્યાન મેળવી શકાશે.
**(૧)** PRO રુમ, જુની પોલીસ કમિશ્નરની કચેરી, શાહીબાગ અમદાવાદ શહેર **(૨)** અમદાવાદ શહેરના પુર્વ તથા પશ્ચિમ વિસ્તારના ટ્રાફિકના ૧૪ પોલીસ સ્ટેશન ખાતેથી મેળવી શકાશે.

(૩) ફોર્મ સાથે નીચે મુજબની વિગતના પુરાવાની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલ બીડવાની રહેશે.
(I) રહેઠાણનો પુરાવો (લાઇટબીલ/ડ્રાઈવિંગ લાયસન્સ/મતદાર કાર્ડ કોઈપણ એક), હોસ્ટેલમાં રહી વિદ્યાભ્યાસ કરનારે હોસ્ટેલ ફીની| રસીદ કેગુહપતિ/રેકટર દ્વારા જારી પ્રમાણપત્ર, (ii) છેલ્લી પરીક્ષા પાસ કરી હોય તેની માર્કશીટની ઝેરોક્ષ, (iii) સ્કુલ લિવિંગ સર્ટિફિકેટની ઝેરોક્ષ, (iv) NCC, NPS, RSP, Sports માં ભાગ લીધો હોય તો તેના સર્ટિફિકેટની ઝેરોક્ષ,(v) સૈનિક/પોલીસ /અર્ધલશ્કરી/લશ્કરી દળની પસંદગી પ્રકિયામાં વ્યક્તિગત ઇન્ટરવ્યુ સુધી પહોંચેલ ઉમેદવારો આ અંગેના કોલ લેટરની નકલ, (vi) અન્ય જરૂરી પ્રમાણપત્રો (જો| હોય તો), (vi) અનુભવના પ્રમાણપત્રો (જો હોય તો)

(૪) અરજી ફોર્મમાં બધી જ વિગતો બ્લ્યુ પેનથી ભરવી અનિવાર્ય છે. અધુરા ડોક્યુમેન્ટવાળી અરજી માન્ય ગણાશે નહી. (અરજદારે બે કોપીમાં ફોર્મ જરૂરી ડોક્યુમેન્ટ સાથે તૈયાર કરી એક કોપી પોતાની પાસે રાખી એક કોપી જમા કરાવવાની રહેશે)

(૫) ઉમેદવારો દ્વારા જમા કરવામાં આવેલ અરજી ફોર્મની સંપૂર્ણ ખરાઇ થયા બાદ બે થી ત્રણ માસમાં શારિરીક ક્ષમતા કસોટી તથા મૌખિક ઇન્ટરવ્યુ લઇ ભરતી પ્રકિયા પુર્ણ કરવામાં આવશે.

(૬) અત્રેની કચેરી મારફતે શારીરિક ક્ષમતા કસોટી તથા મૌખિક ઇન્ટરવ્યુ માટે અલગથી ન્યુઝ પેપરમાં જાહેરાત આપવામાં આવે ત્યારે અરજદારે પોતાની પાસે રહેલ અરજીપત્રક અને જરૂરી દસ્તાવેજો સ્વપ્રમાણિત નકલો સાથે રાખી શારિરીક ક્ષમતા કસોટી તથા મૌખિક ઇન્ટરવ્યુ માટે નિયત થયેલ તારીખ, સમયે અને સ્થળે અચુક હાજર રહેવાનું રહેશે.

(૭) શારીરિક ક્ષમતા કસોટી અને ઈન્ટરવ્યુ બાદ પસંદગી પામેલ ઉમેદવારના પોલીસ વિભાગ દ્વારા ચારિત્ર્ય ખરાઇ બાદ તેની આખરી પસંદગી| કરવામાં આવશે. પસંદ થયેલ ઉમેદવાર ટ્રાફિક બ્રિગેડ માટેના નિયમોનું અને આચારસંહીતાનું પાલન તેમજ ટ્રસ્ટ મારફત મળનાર તાલીમ ભથ્થા કે માનદ વેતન બાબતે કોઈ વાંધો વિરોધ નથી તેવી લેખિત બાહેંધરી આપવાની રહેશે. આ બાહેંધરી બાદ જ તેને ટ્રાફિક બ્રિગેડ માટેની નિયત તાલીમ આપવામાં આવશે. આ રીતે આખરી પસંદગી પામેલ ઉમેદવારને ટ્રસ્ટ દ્વારા જરૂરીયાત મુજબ ટ્રાફિક નિયમન સહાયક તરીકે સેવા માટે ટ્રાફિક પોલીસ વિભાગમાં મોકલવામાં આવશે. આ સેવા બદલ ટ્રસ્ટ દ્વારા નિયત થયેલ માનદવેતન આપવામાં આવશે. તાલીમ પામેલ ટ્રાફિક બ્રિગેડ ના જવાનને અન્ય વ્યવસાય કે નોકરી કરતાં હોય તેમ છતાં ટાફીક બ્રિગેડની માનદ સેવામાં નિયમિત હાજર રહી શકે તેમ હોય તો તેને| આજીવિકા પ્રવૃત્તિ/નોકરી માટે પણ મંજુરી આપવામાં આવશે. જેની જાણ ટ્રસ્ટને કરવાની રહેશે. પરંતુ ટ્રસ્ટ સમક્ષ થયેલ માનદ| સેવક/સેવિકાની માંગણી અનુલક્ષી ટ્રસ્ટને માનદ સેવક/સેવિકાની જરૂરીયાત હોય તેવા કિસ્સામાં તેણે ટ્રાફીક બ્રિગેડ સેવાને અગ્રતા આપવાની રહેશે.

(૮) પસંદ થયેલ ઉમેદવારોને આ માનદ સેવાના નિયમો અંગે અલાયદી સમજ કરવામાં આવશે. આ નિયમોમાં ફેરફાર કરવાની ટ્રસ્ટને સંપૂર્ણ સત્તા રહેશે તેમજ તે મુજબ દરેક જવાને તેનું પાલન કરવાનું રહેશે.

(૯) ટ્રાફીક બ્રિગેડ માનદ સેવક / સેવીકાની પસંદગી પ્રકિયામાં વહીવટી કારણોસર ટ્રસ્ટ દ્વારા ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા રહેશે અને તે મુજબ અરજદારે પસંદગી પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે.

(૧૦) ટ્રાફીક વ્યવસ્થા જાળવવા વસ્તી સપ્રમાણ નક્કી થયેલ ટ્રાફીક બ્રિગેડ માનદ સેવક / સેવીકાની સંખ્યાને ધ્યાનમાં લઈ આ સંખ્યા પૂરી કરવા માટે આ પસંદગી પ્રક્રીચા શરૂ કરેલ છે. જો પુરતી સંખ્યામાં યોગ્ય ઉમેદવાર ન મળે તો ઉપર (૧) માં જણાવ્યા મુજબ કે પુનઃભરતીના વિકલ્પ ધ્યાને લઈ શકશે.

(૧૧) ભરતી પ્રકિયા દરમ્યાન કોઈ પણ બાબત છુપાવ્યા કે ગેરમાર્ગે દોર્યાનું ફલિત થશે તો તે ઉમેદવારને ગમે તે તબક્કે ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૧૨) **ટ્રાફિક બ્રિગેડ માનદ સેવક – સેવિકાઓ સ્વીકારવા માટેના ધોરણો :-**

- અરજદાર ધોરણ ૦૯ કે તેથી વધારે ભણેલા હોવા જોઇએ.
- અરજદારની ઉંમર પસંદગી વખતે ૧૮ થી ૪૦ વર્ષની વચ્ચે હોવી જોઇએ.
- ઉંચાઇ પુરુષો માટે SC/ST/OBC માટે ૧૬૨ સેમી., General માટે ૧૬૫ સેમી., અને મહિલા માટે SC/ST/OBC માટે ૧૫૦ સેમી., General માટે ૧૫૫ સેમી. તેમજ ખોડખાંપણ ન હોવી જોઇએ.
- NCC, NSS, RSP, હોમગાર્ડ વિગેરે પ્રવૃત્તિ કરેલા, રમત-ગમતમા જિલ્લા//યુનિવર્સીટી સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ કોમ્પ્યુટર અને ડ્રાઈવીંગની જાણકારી ધરાવનારને અગ્રતા આપવામાં આવશે.
- શારીરિક ક્ષમતા કસોટી (૧) પુરુષ : ૮૦૦ મીટર દોડ (૪ મિનિટ) , (૨) મહિલા : ૪૦૦ મીટર દોડ (૩ મિનિટ)

(૧૩) ફોર્મ ભરવા સંબધે ખાસ સુચના : કચેરીના ઉપયોગ માટેના ફોર્મના ભાગમાં કોઇ વિગત ઉમેદવારે ભરવાની નથી આમ છતાં જો કોઇએ આ સુચનાનો ભંગ કર્યો હશે તો તેનું ફોર્મ રદ કરવામાં આવશે.

# અમદાવાદ ટ્રાફિક ટ્રસ્ટ

ઈસ્કોન-આંબલી BRTS રોડ,
અમદાવાદ શહેર -૩૮૦૦૫૮
(રજી.નં. ઈ/૧૮૯૧૦/અ'વાદ તા.૦૫.૦૯.૨૦૦૯)

## માનદસેવક / સેવિકા તરીકે જોડાવા માંગતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે બિડાણ રાખવાના દસ્તાવેજોનું લીસ્ટ

**બિડાણ :-**

૧. પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ્સ

૨. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (LC)

૩. માર્કશીટ ધોરણ ૦૯ અને તેથી ઉપરની (વધુ અભ્યાસ હોય તો)

૪. પાસ કર્યાનું પ્રમાણપત્ર ધોરણ ૧૦ અને તેથી ઉપરના (વધુ અભ્યાસ હોય તો)

૫. પ્રયત્ન પ્રમાણપત્ર (ઍટેમ્પ્ટ સર્ટીફિકેટ્સ)

૬. આધાર કાર્ડ/પાન કાર્ડ/ચૂટણી કાર્ડ (કોઈ પણ એક)

૭. રેશનકાર્ડની નકલ (અથવા રહેઠાણનો પુરાવો)

૮. અન્ય પ્રમાણપત્રો

a) અનુભવનું પ્રમાણપત્ર (જો હોય તો)

b) કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર (જો હોય તો)

c) ડ્રાઈવિંગ લાઈસન્સ (જો હોય તો)

d) સક્ષમ અધિકારીશ્રીનું જાતિ અંગેનું પ્રમાણપત્ર (જો હોય તો)

e) અન્ય લાયકાતના પ્રમાણપત્રો (જો હોયતો)

f) અન્ય જરૂરી પ્રમાણપત્રો (જો હોય તો) જેવા કે NCC, NSS, હોમગાર્ડ, સ્પોર્ટ્સ, RSP, સિવિલ ડિફેન્સ વિગેરે (જે લાગુ પડતું હોય તે તથા અન્ય કોઈ સંસ્થામાં સેવા/ફરજ બજાવેલ હોય તો તેની વિગત)